# FORT BEND COUNTY COURTS

## ભાષા એક્સેસ યોજનાની સૂચના

**ફોર્ટ બેન્ડ કાઉન્ટી કોર્ટ કાયદા અને જિલ્લા અદાલતોમાં મર્યાદિત અંગ્રેજી પ્રાવીણ્ય (LEP) ધરાવતા વ્યક્તિઓ માટે કોર્ટ સેવાઓની અર્થપૂર્ણ ઍક્સેસ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે. ભાષા સહાય સેવાઓ નિઃશુલ્કકોર્ટની કાર્યવાહી સાથે સંકળાયેલી એવી કોઈપણ વ્યક્તિ માટે ઉપલબ્ધ છે જેને અંગ્રેજી ભાષામાં વાતચીત કરવામાં મુશ્કેલી પડતી હોય અથવા જેને અંગ્રેજીમાં અનુવાદિત દસ્તાવેજની જરૂર હોય.**

ફોર્ટ બેન્ડ કાઉન્ટી કોર્ટ્સ લેંગ્વેજ એક્સેસ પ્લાનની એક નકલ વેબપેજwww.fbctx.gov/languageaccess પર ઉપલબ્ધ છે જે ભાષા સહાય સેવાઓની ઉપલબ્ધતા વિશે વિગતવાર સમજાવે છે.

**જો તમને અંગ્રેજી સિવાયની અન્ય ભાષામાં સહાયની જરૂર હોય, તો તમે નિઃશુલ્ક ભાષા સહાય સેવાઓની વિનંતી કરી શકો છો. દુભાષીયા સેવા અથવા અનુવાદ સેવાઓ વિશે વધુ માહિતી માટે, કૃપા કરીને 281-633-7658 પર કૉલ કરો અથવા અમને અહીં ઇમેઇલ કરો: languageaccess@fbctx.gov.**

કોઈપણ એવી વ્યક્તિ કે જે જાણ કરવા માંગે છે કે વિનંતી કરેલ દુભાષિયા સેવાઓ પ્રદાન કરવામાં આવી રહી નથી અથવા કોઈ અન્ય સમસ્યા હોય, જેમ કે નબળી ગુણવત્તાની દુભાષીયા સેવા, તો તે ભાષા ઍક્સેસ ફરિયાદ ફોર્મ ભરી શકે છે.

ભાષા ઍક્સેસ ફરિયાદ ફોર્મ કાઉન્ટી કોર્ટના વેબપેજ www.fbctx.gov/languageaccess પર ઉપલબ્ધ છે. દરેક કોર્ટરૂમમાં અને પહેલા માળ પર સ્થિત જસ્ટિસ સેન્ટર ઇન્ફર્મેશન ડેસ્ક પર પણ મુદ્રિત નકલો ઉપલબ્ધ છે. પૂર્ણ કરેલ ફોર્મ ઈમેલ દ્વારા અથવા મેઈલ દ્વારા અહીં સબમિટ કરી શકાય છે:

Language Access Director
Fort Bend County Courts
301 Jackson Street
Richmond, Texas 77469
languageaccess@fbctx.gov

ભાષા ઍક્સેસ ડિરેક્ટર 10 કાર્યકારી દિવસોમાં તમારી ફરિયાદ પ્રાપ્ત થયાની સ્વીકૃતિ આપશે.